અપીલ અરજી નં.૧૭૬ તા.૧૬-૧૦-૦૮

અરજદારઃ શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલ
સામાવાળાઃ (૧)ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
(૨) સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી
(૩) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## હુકમઃ-

***વિષય :***-આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતકુમાર એન.પટેલ ની તા.૨૪-૭-૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ અમરોલી, છાપરાભાઠા, ગણેશપુરા, કોસાડ, ઉતરાણ અને મોટા વરાછાના વિસ્તારોમાં જાહેર રોડ બનાવવા – રીકારપેટીંગ કરવા પહોળા કરવા અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***- અરજદાર મજકુરની તા.૧૬-૯-'૦૮ ની અપીલ અરજી નં.૧૭૬/૨૦૦૮-૦૯

શ્રી ભરતકુમાર એન.પટેલ ની તા.૨૪-૭-૦૮ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ અમરોલી, છાપરાભાઠા, ગણેશપુરા, કોસાડ, ઉતરાણ અને મોટા વરાછાના વિસ્તારોમાં જાહેર રોડ બનાવવા રીકારપેટીંગ કરવા પહોળા કરવા અંગે માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન ના પત્ર નં. એન.ઝેડ/આ./૪૨૧૬ તા.૮-૯-૦૮થી આપેલ માહિતી અધુરી આપેલ હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬-૯-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૦ તા.૨૩-૯-૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથીતેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. પરંતુ અરજદારને પૂરી પાડેલ માહિતી પત્રની નકલ અત્રે મોકલેલ છે.

અરજદારની નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૭૫ થી આસી. કમિશ્નર/કાર્યપાલક ઈજનેરશ્રી તમામ ઝોનને અરજદારની જાણ હેઠળ તા.૨૮-૭-૦૮ ના રોજ તબદીલ કરેલ છે. આ .પરાંત અઠવાઝોન તરફથી સા.વે.ઝોન/આરટીઆઈ/૧૫૦ થી ૧૫૨ તા.૩૦-૭-૦૮ થી કાર્યપાલક ઈજનેશ કતારગામ ઝોન અને વરાછાઝોન કક્ષાએથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૩૬ તા.૨૭-૮-૦૮ થી અરજદારને મોટા વરાછામાં ભાગ-૨ ને લગતી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી કતારગામઝોન અને ડે.કમિશ્નર (પઅનેઈ) કક્ષાએથી પત્ર નં.એન.ઝેડ/૪૨૧૬ તા.૮-૯-૦૮ થી અરજદારને સુરત શહહેરમાં સમાવેશ થયા બાદ કોસાડ,છાપરાભાઠા,ઉત્રાણ,અમરોલી, ગણેશપુરા,વિસ્તારમાં કાર્પેટ તથા રીકાર્પેટ મેટલ ગ્રાન્ટીંગના કામો ભાગીદારો પૈકી સગા સબંધી કોર્પોરેશનના કર્મચારી છે કે નહીં તેની રેકર્ડ તેમજ ટેન્ડર સ્પેસીફીકેશન મુજબ જુદૃ જુદી પહોળાઈ પ્ર માણે અલગ ડીઝાઈન અને સ્થળ સ્થિતિ મુજબની ઉડાઈ અનુસાર કામ કરવામાં આવતી હોવાની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં કર્મચારી ગણવેશ પહેરતો નથી કેટલાક માર્ગો જમીન લેવલે જ ડામર પાથરી કપચીથી રસ્તાઓ બનાવવામાં આવે છે. રસ્તાઓનું ગેરકાયદેસર ચુકવણું તથા તપાસ અંગેના મુદૃાઓની રજુઆત મુળ અરજીથી અલાયદી કરવામાં આવેલ છે. પરંતુ અરજદારની મુળ અરજી પૈકી ઈજારદાર અને ભાગીદારોના નામ સરનામા તથા કોર્પોરેશન કર્મચારીના સગાની માહિતી વરાછાઝોન તરફથી પૂરી નશીં પડાયાનું સ્પષ્ટ થાય છે. તથા ભાગ-૨ ડી ની ચોકકસ વિગતો જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. જે અંગે અરજદારે અપીલમાં રજુઆત કરેલ છે. તે સિવાયની મુળ અરજીથી કોઈ માહિતી અંગે અરજદારે અપીલ કરેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે. " અરજદારની તા.૨૪-૭-૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી ઉપર જણાવ્યા મુજબની નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ -૭ (૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા અરજદારને દિન-૮ માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન અને વરાછાઝોનને જણાવવામાં આવેલ છે. " અરજદાર મુળ અરજીથી અલાયદા અપીલ અરજીમાં જણાવેલ પ્રશ્ન અંગે સક્ષમ સત્તાધીશને અલગ રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૧૧-૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી, નોર્થઝોન તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન,.....
જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરત અને. પરમાર,